# મા, તું બહુ વહાલી છો !

– ગુણવંતરાય ન. જોષી

એક ઘુવડ. તેનું એક બચ્ચું. બચ્ચું બે વરસનું થયું એટલે જાતજાતના સવાલ પૂછવા લાગ્યું. આખી રાત તે પોતાની માની બાજુમાં બેસતું અને આકાશમાં જોયા કરતું. એક રાત્રે તેણે માને પૂછ્યું, ‘‘મા, આકાશમાં કેટલા તારા છે ?’’

મા કહે, ‘‘ઘણા બધા.’’ આકાશ તરફ જોઈ ફરી પૂછ્યું. ‘‘ઘણાં બધાં એટલે કેટલા ?’’

મા : ‘તું ગણી લે.’’ બચ્ચું મા સામે જોઈને હસવા લાગ્યું. અને આકાશ તરફ જોઈ તારા ગણવા લાગ્યું. ‘‘એક, બે, ત્રણ, ચાર.....એક સો એક, એકસો બે.....’’ તેમ કરતાં કરતાં સવાર પડ્યું. સૂરજદાદા નીકળ્યા ત્યારે પણ તે તારા ગણતું રહ્યું. ‘‘એક હજાર એક, એક હજાર બે....’’

ત્યાં માએ પૂછ્યું, ‘‘આકાશમાં કેટલા તારા છે ?’’

બચ્ચું : ‘‘એટલા બધા કે હું ગણી નથી શકતું.’’ કહેતા કહેતા બચ્ચાંની આંખો ઘેરાવા લાગી અને તે પોતાનું માથું પાંખોમાં છુપાવી ઊંઘી ગયું.

બીજી રાત પડી. બચ્ચું પોતાની માની બાજુમાં બેસી ગયું. આકાશ તરફ જોયું. માને પૂછ્યું, ‘‘



મા, આ આકાશ કેટલું ઊંચું છે ?''

મા : ''ઘણું ઊંચું. જવાબ સાંભળી બચ્ચાએ ફરી સવાલ કર્યો. ''ઘણું ઊંચું એટલે કેટલું ઊંચું ?''

મા : ''જા, તારી જાતે જ માપી લે.''

આ સાંભળી બચ્ચાંએ પાંખો ફફડાવી. વૃક્ષ પરથી ઉપર જવા લાગ્યું. જોરથી પાંખો ફફડાવતું રહ્યું અને ઊંચે જવા માંડયું. ત્યાં વાદળા આવ્યા. તેને વીંધીને વળી આકાશ તરફ ગતિ કરી. આખી રાત આમ ચાલ્યું. ત્યાં સૂરજદાદા દેખાયા. તેને જોતાં જ સરેરાટ પાંખો વીંઝી નીચે આવવા લાગ્યું. વૃક્ષ પર પોતાની માની બાજુમાં ગોઠવાઈ ગયું.

માએ પૂછ્યું, ''બેટા, આકાશ કેટલું ઊંચું છે ? માપી લીધું ?'' બચ્ચું : ''એ....ટલું ઊંચું કે હું ઊડીને પહોંચી જ ન શકું.'' આમ કહેતાં કહેતાં બચ્ચાંની આંખોમાં એટલી ઊંઘ ભરાઇ ગઇ કે તે મોં પાંખોમાં સંતાડીને સૂઈ ગયું.

ત્રીજી રાત પડી. જાગ્યું તો તેણે સમુદ્રનાં મોજાંનો અવાજ સાંભળ્યો. બોલતી લહેરો સાંભળવામાં તેને મઝા આવી ગઈ.

માને પૂછ્યું, ''મા, સમુદ્રમાં કેટલી લહેરો છે ?''

મા : ''ઘણી.'' બચ્ચું : ''ઘણી એટલે કેટલી ?''

મા : ''જા, તું પોતે ગણી લે.'' માનો આ જવાબ સાંભળતાં જ બચ્ચું ઊડીને સાગર કાંઠે આવી બેઠું. ''એક, બે, ત્રણ......'' એમ ગણવા લાગ્યું. લહેરો આવી આવીને કાંઠા પર સમાઈ જતી હતી.

બચ્ચું ''એક હજાર, બે હજાર, બે હજાર એક.....'' એમગણી રહ્યું હતું તેવામાં સૂરજદાદા દેખાયા. બચ્ચું મોજાં ગણી ગણીને થાકી ગયું. મા પાસે આવી બેઠું ત્યાં માએ પૂછ્યું, ''તો તેં લહેરો ગણી લીધી ? કેટલી છે ?'' બચ્ચું : ''એટલી બધી કે હું ગણી જ ન શક્યું.'' કહેતાં કહેતાં બચ્ચું સૂઈ ગયું.

ચોથી રાત આવી. બચ્ચાંએ સાગરની લહેરો સાંભળી તો તેને બીજી ઈચ્છા થઈ. માને કહે, ''મા, આ સાગર કેટલો ઊંડો ?''

મા : ''ખૂબ ઊંડો.'' બચ્ચું : ''ખૂબ ઊંડો એટલે કેટલો ઊંડો ?''

મા : ''લગભગ એટલો ઊંડો જેટલું ઊંચું આકાશ છે'' કહી મા આભમાં જોવા લાગી. બચ્ચું પણ ઊંચે જોવા લાગ્યું. આખી રાત વૃક્ષ પર બેસી રહ્યું. આકાશ અને તારાઓ વિષે વિચાર કરતું રહ્યું.

માએ તેને જે કહ્યું હતું તે અંગેના વિચારમાં પડી ગયું. આમ કરતાં કરતાં સવાર પડી. સૂરજદાદા નીકળ્યા. બચ્ચું પોતાની મા તરફ જોઈને બોલ્યું, ‘‘મા, તું મને બહુ જ વહાલી લાગે છે ?’’

મા : ‘‘કેટલી વહાલી ?’’

બચ્ચું : ‘‘બસ, ઘણી ઘણી.’’ એકાદ પળ વિચારી, બચ્ચું પોતાની માને ગળે વળગી પડયું. વળી કહ્યું : ‘‘આકાશ જેટલું ઊંચું છે, જેટલો ઊંડો સાગર છે બસ તું મને એટલી વહાલી છે.’’ માએ આ સાંભળી બચ્ચાંને પોતાની પાંખોની ભીતર સમાવી દીધું.

‘‘તું મને કેટલી ગળે ભેટીશ ?’’ બચ્ચાંએ માને પૂછ્યું.

‘‘ઘણી બધી વાર’’ કહેતાની સાથે જ માએ બચ્ચાંને ફરી ભેટી પડી.

‘‘ક્યાં સુધી ?’’ બચ્ચું ઊંઘી જતાં જતાં બોલ્યું.

‘‘સાગરમાં જેટલી લહેરો છે, આકાશમાં જેટલા તારા છે એટલે સુધી બેટા.’’

■